પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૫ | ૧૪ ઓક્ટોબર, ૨૦૧૭, શનિવાર ; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રોહિંગ્યા શરણાર્થી કેસમાં વચગાળાની મનાઈ

**આગામી ૧૧મી નવેમ્બરે યોજાનાર સુનાવણી સુધી શરણાર્થીઓને પરત ન મોકલવા સુપ્રીમની મનાઈ : રોહિંગ્યા શરણાર્થીઓની અરજી ઉપર સુનાવણી વેળા તમામ પક્ષોને પોતાના તર્ક તૈયાર કરવાનું સુચન : પીડિતોની અવગણના કરી ન શકાય : સુપ્રીમ કોર્ટ**



નવી દિલ્હી,તા. ૧૩

રોહિંગ્યા શરણાર્થીઓને દેશમાં શરણ આપવા અથવા તો તેમને પરત મોકલવાના મામલામાં સુપ્રીમ કોર્ટે સુનાવણી ૨૧મી નવેમ્બરના દિવસે હવે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ મામલો ૨૧મી નવેમ્બર સુધી ટાળી દીધો છે. આગામી સુનાવણી સુધી રોહિંગ્યાઓને પરત ન મોકલવા માટે કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી દરમિયાન તમામ પક્ષોને પોતાના તર્ક તૈયાર કરવા માટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, માનવીય મૂલ્યોના આધાર પર અમારા બંધારણમાં આધાર છે. દેશની સુરક્ષા અને આર્થિક હિતોની સુરક્ષા જરૂરી બની ગઈ છે પરંતુ પીડિત મહિલાઓ અને બાળકોની અવગણના કરવામાં આવી રહી છે પરંતુ તેમની અવગણના કરી શકાય નહીં. કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે કે, તે આગામી સુનાવણી સુધી તેમનો પરત મોકલવાનો કોઈ નિર્ણય ન કરે. રોહિંગ્યા શરણાર્થીઓએ કેન્દ્ર સરકારના એ નિર્ણયને પડકાર ફેંક્યો હતો જેમાં તેમને ભારતથી પરત મોકલવા માટે કહેવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મધ્યપ્રદેશે પેટ્રોલ-ડીઝલ પર વેટ ઘટાડ્યા


મધ્યપ્રદેશે પેટ્રોલ-ડીઝલ પર ૫ ટકા વેટ ઘટાડ્યા છે. વેટ ઘટાડતા પેટ્રોલ-ડીઝલના ભાવો ઘટ્યા છે. મધ્યપ્રદેશ સરકારે વેટ ઘટાડી પ્રજાને દિવાળીની ભેટ આપી છે.

### રાહુલની પડખે પંજાબ કોંગ્રેસ



રાહુલ ગાંધીને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિના પ્રમુખ બનાવવા માટે પંજાબ કોંગ્રેસ કમિટિએ ઠરાવ પસાર કર્યો છે. રાહુલ ગાંધીને દિવાળી બાદ કોંગ્રેસ પ્રમુખ બનાવાય તેવી ધારણા છે.

### સુપ્રિમ કોર્ટે બ્લુ વ્હેલ ગેમ મામલે સરકારનો જવાબ માગ્યો



સુપ્રિમકોર્ટે બ્લુ વ્હેલ જેવી ખતરનાક ગેમને રોકવા માટે દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે.

# સોમવારથી નવી રાજધાની દિલ્હી-મુંબઈ વચ્ચે દોડશે

**કોટા, વડોદરા અને સુરતમાં જ રોકાશે : ટ્રેનમાં અતિઆધુનિક સુવિધાઓ : ૧૩ કલાક અને ૫૫ મિનિટમાં દિલ્હીથી મુંબઈ**




નવી દિલ્હી,તા. ૧૩

રેલવે યાત્રીઓને મોટી રાહત મળી તે દિશામાં વધુ એક પહેલ કરવામાં આવી ચુકી છે જેના ભાગરુપે સોમવારથી દિલ્હી અને મુંબઈ વચ્ચે નવી સ્પેશિયલ રાજધાની એક્સપ્રેસ શરૂ થવા જઈ રહી છે. દિલ્હી અને મુંબઈ વચ્ચે પ્રવાસ કરતા યાત્રીઓને ઝડપી અને સારી સુવિધા મળે તે હેતુ રાખવામાં આવ્યો છે. આ ટ્રેનમાં ફલેક્સી ભાડાની ઓફર જોવા મળશે. સેકન્ડ એસી અને થર્ડ એસીમાં આ ટ્રેન માટે ભાડા પ્રવર્તમાન મુંબઈ અને રાજધાનીના અગાઉના ક્લાસના મહત્તમ ફલેક્સી ભાડા કરતા ૧૯ ટકા સસ્તા રહેશે. રેલવે દ્વારા પહેલાથી જ બે રાજધાની આ બે મેટ્રો વચ્ચે દોડાવવામાં આવી રહી છે. બે રાજધાની ઉપરાંત આ બંને મેટ્રો વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# સબરીમાલા મંદિર કેસને બંધારણીય બેંચને સોંપાયો

**સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ મામલે હવે બંધારણીય બેંચ સુનાવણી કરશે : પ્રશ્નોની યાદી તૈયાર કરવા માટે સંબંધિતોને સૂચના અપાઈ**

નવીદિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે આજે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ સાથે સંબંધિત મામલાને બંધારણીય પીઠમાં મોકલી દીધો હતો. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કોર્ટે પોતાના ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે એમિકસક્યુરી સહિત સંબંધિત પક્ષોથી બંધારણીય પીઠને પુછવામાં આવેલા પ્રશ્નોની યાદી તૈયાર કરવા માટે કહ્યું હતું. પીઠે એ વખતે કહ્યું હતુ કે, તમામ પક્ષોના વકીલ એવા પ્રશ્નો તૈયાર કરે જે બંધારણીય રુપરેખા મુજબ રહે. તેમને બંધારણીય પીઠને મોકલી શકાય. કોર્ટે આજે આ મહત્વપૂર્ણ કેસ ઉપર સુનાવણી ચલાવતી વેળા આને બંધારણીય પીઠની પાસે સુનાવણી માટે મોકલી દેવાનો નિર્ણય કર્યો હતો. ગયા વર્ષે ૭મી નવેમ્બરના દિવસે કેરળ સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી હતી કે, સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશને સમર્થનમાં તે છે. શરૂઆતમાં રાજ્યની એલડીએફ સરકારે વર્ષ ૨૦૦૭માં મહિલાઓના પ્રવેશ ઉપર પ્રગતિશીલ વલણ અપનાવી રાખ્યું હતું જ્યારે કોંગ્રેસના નેતૃત્વવાળી યુડીએફ સરકારે આ નિર્ણયને રદ કર્યો હતો. આ સમગ્ર મામલો પણ ખુબ જ સંવેદનશીલ હોવાથી આને લઈને માત્ર કેરળમાં જ નહીં બલ્કે દેશના અન્ય રાજ્યોમાં પણ નજર છે. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશના મુદ્દા ઉપર ભારે હોબાળો થઈ ચુક્યો છે. મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ સાથે સંબંધિત મામલાને બંધારણીય બેંચને મોકલી દેવામાં આવ્યા બાદ હવે આ સમગ્ર કેસમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટની બંધારણી બેંચ દ્વારા હવે ક્યારે સુનાવણી કરવામાં આવશે તેને લઈને હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# બેંક એકાઉન્ટને આધાર સાથે લિંક કરવા માટે કડક સૂચનો

નવીદિલ્હી,તા. ૧૩

૩૧મી ડિસેમ્બર ૨૦૧૭સુધી બેંક એકાઉન્ટને આધાર સાથે લિંક કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સમય મર્યાદા નજીક આવી રહી છે. આમા કહેવામાં આવ્યું છે કે, જે લોકો આ અવધિ સુધી પોતાના બેંક ખાતાઓથી આધારને લિંક કરશે નહીં તે લોકો ખાતાઓમાં લેવડદેવડ કરી શકશે નહીં. પીપલ એડવાઈઝરી સર્વિસ એન્ડ યંગના ડિરેક્ટર પુનિત ગુપ્તાએ નાણા મંત્રાલય તરફથી પહેલી જૂન ૨૦૧૭ના દિવસે જારી કરવામાં આવેલા પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ રુલ્સ ૨૦૦૫માં સુધારાથી સંબંથિત નોટિસની વાત કરી છે. તેમણે કહ્યું છે કે, આ બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, આ નિયમ તમામ વ્યક્તિગત, કંપનીઓ, ફર્મ,

● અનુસંધાન પાન-૭ પર

પુણ્ય સ્મરણ



વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા
મહાપ્રયાણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परं मम ॥
॥ श्रीमद् भागवद गीता १५-६

જેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરતા નથી અને જ્યાં જઈને મનુષ્ય સંસારમાં પાછો આવતો નથી, તે મારું પરમ ધામ છે.
॥ શ્રીમદ્ ભાગવત ગીતા ૧૫-૬ ॥

આજે પંદરમી પુણ્યતિથિએ આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
જાગૃતિ - બિપીનચંદ્ર ● ચારૂ - દર્શનકુમાર ● પ્રાર્થના - અનીષ
ચિન્મય - લજ્જા - વિધી - શુભાંગ - કૃપાંશી

હોલસેલના ભાવે રેટઈલમાં
આસ્વાદ મઠીયા
રૂ. ૧૫૦/- Kg
રવિવારે ચાલુ | રૂપલ કોમ્પ્યુટર | રવિવારે ચાલુ
યુકો બેંકની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર
પ્લોટ નં. ૧૬૦/૨, આનંદવાટીકા, સે.૨૨, ગાંધીનગર







અરિહંત ક્રિએશન
પુનિત જાટકીયા - ૯૮૨૪૦ ૦૩૩૪૧
● લેટેસ્ટ કુર્તીસ (શોર્ટ એન્ડ લોંગ) ● લેગીન્ગસ
● પ્લાઝો ● પતિયાલા ● ટોપ ● ગાઉન ● મોજા
● નાઈટશુટ ● બ્રા-પેન્ટી-સ્લીપ-હાથરૂમાલ
વ્યાજબી ભાવે મેળવવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
: સ્થળ :
દુકાન નં. ૭, ગ્રાઉન્ડ ફ્લોર, આર-વર્લ્ડ મોલ
સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૬૦૧૦૫




આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415

